# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: વિરલ રાણા

## કમ્પ્યુટરાઈઝ: પલક પટેલ

તારીખ : ૦૭-૧૦-૨૦૨૩ શનિવાર સમય : સવારે ૬:૫૦ કલાકે

---

## મુખ્યમંત્રી-વાયબ્રન્ટ ગુજરાત:

વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર પરિષદને 20 વર્ષ પૂર્ણ થયા છે એ નિમિત્તે યોજાઇ રહેલા વિવિધ કાર્યક્રમો અંતર્ગત ગઈકાલે દિલ્હીમાં ખાસ કર્ટેન રેઇઝર કાર્યક્રમ યોજાયો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની વેપાર ઉદ્યોગ ક્ષેત્રની સફળ વિકાસ ગાથાનો પરિચય આપીને દેશના અગ્રણી ઉદ્યોગ સંચાલકોને વાઇબ્રન્ટષ સમિટમાં સહભાગી થવા અને ગુજરાતમાં રોકાણો કરવાનું આમંત્રણ આપ્યું છે.

મુખ્યમંત્રીએ ગિફ્ટ સિટી- ધોલેરા SIR - ગ્રીનફિલ્ડ પોર્ટ્સ - ડ્રીમ સિટી - અમદાવાદ મુંબઈ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ જેવા મહત્વના પ્રોજેક્ટ્સની વિગતો આપીને વિકસિત ભારતનું લક્ષ્ય સિધ્ધ કરવા ગુજરાત સજ્જ હોવાનું જણાવ્યું હતું.

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પૂર્વાર્ધ રૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે દિલ્હીમાં 13 જેટલા અગ્રણી ઉદ્યોગકારો અને રોકાણકારો સાથે કરેલી મંત્રણા દરમિયાન શ્રી કીમે ગુજરાતમાં પ્લાન્ટ શરૂ કરવાની તત્પરતા દર્શાવી હતી.

- એઆઇઆર અમદાવાદ

---

## મતદાર યાદી સુધારણા:

રાજ્યમાં આગામી 27મી ઓક્ટોબરથી આગામી નવમી ડિસેમ્બર દરમિયાન મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે. ચૂંટણી પંચની યાદીમાં જણાવ્યા મુજબ, નવેમ્બરના પહેલા અઠવાડિયામાં બે દિવસ અને ત્યારબાદ બીજી અને ત્રીજી ડિસેમ્બરે ખાસ ઝુંબેશ યોજાશે. એ દિવસે બુથ લેવલ ઓફિસર સવારના 10થી સાંજના પાંચ વાગ્યા સુધી બુથ ઉપર ઉપસ્થિત રહેશે. નાગરિકો આ સમયમાં મતદાર યાદી જોઇ શકશે તેમજ મતદાર યાદીમાં સુધારા વધારા કરવા જરૂરી ફોર્મ આપી શકશે.

આગામી 26 ડિસેમ્બર સુધીમાં અરજીઓનો નિકાલ કરાશે અને પાંચમી જાન્યુઆરી 2024ના રોજ આખરી મતદાર યાદી જાહેર કરાશે. આ કાર્યક્રમમાં પારદર્શિતા જળવાય તે માટે જીલ્લા સ્તરે ચૂંટણી અધિકારીઓ દ્વારા રાજકીય પક્ષોને માહિતી અપાશે તેમજ મુસદ્દા મતદાર યાદી અને આખરી મતદાન યાદીની સોફ્ટ કોપી રાજકીય પક્ષોને અપાશે.

- એઆઇઆર અમદાવાદ

---

<u>યુનિ.-ઋષિકેશ પટેલ:</u>

રાજ્ય સરકારે ગુજરાતની 11 જાહેર યુનિવર્સીટીઓમાં આગામી 9મી ઓક્ટોબરથી ગુજરાત પબ્લીક યુનિવર્સીટી અધિનિયમની જોગવાઇઓ લાગુ કરવાનો નિર્ણય લીધો છે.

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આ જોગવાઇઓથી 11 પબ્લીક યુનિવર્સીટીની સ્વાયતતા, ગુણવત્તા અને સંચાલન શક્તિમાં વધારો થશે. યુનિવર્સીટીના કુલપતિની ટર્મ પાંચ વર્ષની રહેશે. એક ટર્મ પૂર્ણ થયા બાદ અન્ય યુનિવર્સીટીના કુલપતિ તરીકે પાંચ વર્ષ ફરી વખત નિમણૂંક કરી શકાશે.

નવા અધિનિયમના અમલથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં થયેલા સૂચનો વધુ અસરકારક રીતે અમલમાં મૂકી શકાશે. શ્રી પટેલે જણાવ્યું હતું કે, નવા અધિનિયમમાં કોલેજના અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સીટીના પ્રોફેસરોની નિમણૂંકમાં 33 ટકા મહિલા સભ્યોની જોગવાઇ છે.

યુનિવર્સીટી પોતાના સક્ષમ સત્તામંડળની મંજૂરીથી નવા કોર્સ, નવા પોગ્રામ શરૂ કરવા સ્વાયત રહેશે. એવી જ રીતે એક્સટર્નલ વિદ્યાર્થીઓને પદવી આપી શકશે તથા ઓનલાઇન કોર્સ તૈયાર કરી શકશે. આ અધિનિયમના લીધે 11 યુનિવર્સીટીમાં પ્રવેશ, અભ્યાસ અને પરીક્ષા પધ્ધતિમાં એકસૂત્રતા આવશે.

- એઆઇઆર અમદાવાદ

---

## આકાશવાણી - બેઠક - અ.સચિવ:

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિક સચિવ નીરજા શેખરે આજે આકાશવાણી અમદાવાદની મુલાકાત લીધી. તેમણે આકાશવાણીના વિવિધ વિભાગોની રૂબરૂ મુલાકાત લઇ એમની કામગીરીની માહિતી મેળવી, માર્ગદર્શન આપ્યું હતું. સુશ્રી શેખરે આકાશવાણીના અધિકારી અને કર્મચારીઓ સાથે યોજાયેલી બેઠકમાં દરેક વિભાગોના પડતર પ્રશ્નો અને આગામી રોડમેપ અંગે અધિકારીઓ, કર્મચારીઓ પાસેથી સલાહસૂચન મેળવ્યા હતા.

આ બેઠક દરમિયાન વિવિધ વિભાગો દ્વારા સ્વચ્છતા, શિક્ષણ ઉપરાંત માહિતી અને મનોરંજનના ક્ષેત્રે લેવાયેલા વિવિધ પગલાઓ અંગે તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા. બેઠક બાદ સુશ્રી નીરજા શેખરે આકાશવાણી પરિસરમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું.

આ પ્રસંગે કાર્યાલય અધ્યક્ષ એન.એલ. ચૌહાણ, પ્રાદેશિક સમાચાર વિભાગના પ્રમુખ ભરત દેવમણિ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- એઆઇઆર અમદાવાદ

---

## સંકલ્પ સપ્તાહ-દયાપર:

રાજ્ય ભરમાં થઇ રહેલી સંકલ્પ સપ્તાહની ઉજવણી અંતર્ગત લખપત તાલુકાના દયાપર ખાતે ઉમિયાધામમાં જિલ્લાના ખેતીવાડી વિભાગ દ્વારા મિલેટ ડેવલોપમેન્ટ યોજના અંતર્ગત લોકોના સ્વાસ્થ્ય માટે જરૂરી એવા મિલેટસ(તૃણ ધાન્ય વર્ગના પાકો)ના વાવેતર વિસ્તાર વધારવા પ્રેરણા મળે તે માટે કૃષિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

વિવિધ ગામોમાંથી આવેલા ૫૦૦ જેટલા ખેડૂત તથા ગ્રામીણ અગ્રણીઓએ મહોત્સવમાં ભાગ લીધો હતો.

વૈજ્ઞાનિકો દ્વારા મિલેટની ખેતી અંતર્ગત માહિતી તેમજ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલી નવી ટેક્નોલોજી તથા નવી જાતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિવિધ કૃષિ પ્રદર્શન અંતર્ગત આંગણવાડી બહેનોએ વિવિધ મિલેટ આધારિત વાનગીઓનું પ્રદર્શન રજૂ કર્યું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા , તાલુકા પંચાયત પ્રમુખના પ્રતિનિધિ તથા ઉપપ્રમુખ, અન્ય પદાધિકારીઓ અને ગ્રામસેવકો હાજર રહ્યા હતા.

- વિરલ રાણા

---

## એશિયન ગેમ્સ:

ચીનમાં ચાલી રહેલા એશીયાઇ રમતોત્સવમાં ભારતનું શાનદાર પ્રદર્શન યથાવત છે. ભારતે અત્યારસુધી ૨૨ સુવર્ણ, ૩૪ રજત, અને ૩૯ કાંસ્ય મળી કુલ ૯૫ ચંદ્રક પોતાના નામે કર્યા છે. ગઈકાલે ભારતીય પુરુષ હોકી ટીમે જાપાનને ૫-૧ થી હરાવી સુવર્ણ ચંદ્રક જીતી લીધો હતો. આ સાથે જ ભારત પેરીસ ઓલમ્પીક્સ માટે પણ ક્વાલીફાય થઇ ગયું છે.

- વિરલ રાણા

---